
સ્વામિશ્રીજી



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



## હે પપ્પાજી !

આ બ્રહ્માંડે આપ પધાર્યા...
શ્રીજી સ્વામી રૂપ... યોગી સ્વરૂપે વિચર્યા
ઉપાસનાનાં ઉત્તુંગ શિખર સર કર્યાં
યોગીબાપામાં સંપૂર્ણ સમાઈ ગયા
સૌ યોગીનાં સંબંધી શ્રીજી સ્વરૂપ માન્યાં
માની તે અનુસાર વર્તન કર્યાં... ને સૌને સેવ્યાં
'યોગીની વાસના એ જ ઉપાસના' માની લીધું
આપના સંબંધમાં આવ્યાં તે સૌને સિદ્ધ કરાવ્યું
તે પ્રત્યક્ષ અને પ્રગટની ઉપાસના દૃઢ કરાવી
બ્રહ્મજ્ઞાન-ગુણાતીત જ્ઞાન સૌને દૃઢ કરાવતા રહ્યા
માહાત્મ્યેયુક્ત ભક્તિ કરો ને પ્રત્યક્ષને રાજી કરો
તે ભક્તિ આપે જીવનભર કરી ને સૌને શિખવાડી.
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ'
આ મંત્રના આકારે આપનું જીવન પ્રતિપળ જિવાયું.
અમે સૌ સાહેબજીના આશ્રિત આત્માઓ...
તે સૌને આપે જ આ જ્ઞાન શીખવ્યું ને આતમ ઊજળા કીધા
'સાહેબજી' તમ સૌનો આત્મા છે તે માનો ને જીવો
તેઓની આજ્ઞામાં મન બુદ્ધિ હોમી દો
તો યોગી પ્રસન્ન... સ્વામી ને શ્રીજી રાજી રાજી રાજી
આ પરમ જ્ઞાન આપે બોધ્યું... ને દૃઢ કરાવ્યું.
યોગીનાં પ્રગટ સ્વરૂપો કાકાજી-પ્રમુખજી-મહંતજી-હરિપ્રસાદજી !
તે સૌનું માહાત્મ્ય સમજો ને સાહેબજીને આત્મા માનો
આ સાધનાનાં અતિ ગહન સત્યો સમજાવ્યાં ને સિદ્ધ કરાવ્યાં
આપના આ અનંત ઉપકારો આજે ગૂંજે છે... શાશ્વત છે.





### હે દયાળુ પપ્પાજી !

આપના પ્રાગટ્યમંગલે આપને અનંત વંદન !
આપે જે દીધું તેનાં સ્મૃતિ સ્પંદન !
અમે સૌ... સાહેબજીની કૃપા ઝીલનારનાં હૃદયથી પ્રણામ !
આપ આજે પણ રાજી છો તે અનુભૂતિના આનંદ !
સૌને આશિષ દો ! દીધી છે તે માની જીવવા બળ દો ! ◆



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.

*પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યપર્વ, ૧ સપ્ટેમ્બર નિમિત્તે. (૮.૮.૨૦૨૦.)*